# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 23-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

- **નાણામંત્રી નિર્મલા સિતારામન આજે સંસદમાં કેન્દ્રીય બજેટ 2024-25 રજૂ કરશે.**
- **રાજ્યમાં અત્યારસુધીમાં ચાંદીપુરાના કુલ 88 કેસ નોંધાયા, 46 બાળકો સારવાર હેઠળ અને અત્યાર સુધીમાં 36 બાળકોના મોત**
- **રાજ્યમાં સૌરાષ્ટ્ર કચ્છ અને દક્ષિણ ગુજરાતના અનેક સ્થળોએ ભારે વરસાદ.. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત માટે હવામાન વિભાગે રેડ એલર્ટ જાહેર કર્યું..**
- **ગુજરાત અને ભૂતાન વચ્ચે છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતથી થતી નિકાસમાં 52 ટકાનો વધારો**
- **રાજ્યને હરિયાળુ બનાવવા સપ્ટેમ્બર સુધીમાં 12 કરોડથી વધુ વૃક્ષો વાવવામાં આવશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# BUDGET

નાણામંત્રી નિર્મલા સિતારામન આજે સંસદમાં કેન્દ્રીય બજેટ 2024-25 રજૂ કરશે.. કેન્દ્રીય નાણા મંત્રી સિતારામન સતત સાતમું બજેટ રજૂ કરશે.. સવારે અગિયાર વાગે તેઓ લોકસભામાં આ બજેટ રજૂ કરશે..

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ 2019 માં સતત બીજી વખત કેન્દ્રમાં સરકાર બનાવી ત્યારે સુ.શ્રી. સીતારામનને ભારતના પ્રથમ પૂર્ણ-સમયના મહિલા નાણાંમંત્રી બનાવાયા હતા..

તેમણે આ વર્ષે ફેબ્રુઆરીમાં વચગાળાના બજેટ સહિત અત્યાર સુધીમાં સતત છ બજેટ રજૂ કર્યા છે. જોકે દેશમાં સૌથી વધુ વખત મોરારજી દેસાઈ બજેટ રજૂ કર્યા હતા.

દરમિયાન સુ.શ્રી સીતારમને ગઇકાલે લોકસભામાં આર્થિક સર્વેક્ષણ રજૂ કર્યું હતું. જેમાં નાણાકીય વર્ષ 2024-25માં ભારતનો જી.ડી.પી.નો વૃદ્ધિ દર 6.5 ટકાથી 7 ટકા રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો હતો.

---

- હિન્દુસ્તાન સમાચાર, સિમ્પલબેન

-(NAVIN)

# MORBI CERAMIC INDUSTRY EXPECTATION

કેન્દ્રીય નાણામંત્રી આજે અંદાજપત્ર રજૂ કરશે. ત્યારે મોરબીના સિરામીક ઉદ્યોગને આ અંદાજપત્રથી શું અપેક્ષા છે. તે અંગે વાત કરતા સિરામીક એસોસિએશનના પ્રમુખ હરેશ બોપલીયાએ આ મુજબ જણાવ્યું.

(બાઈટ - સિરામીક એસોસિએશનના પ્રમુખ હરેશ બોપલીયા)

---

-(PTC- MORBI – PRAVESH)
-(NAVIN)

# CHANDIPURA VIRUS

રાજ્યમાં ચાંદીપુરા વાયરસના કુલ 84 કેસ નોંધાયા હોવાની રાજ્ય સરકાર દ્વારા સત્તાવાર જાહેરાત કરાઇ છે..

રાજ્ય સરકાર દ્વારા જીલ્લાવાર કેસની જાહેર કરાયેલી વિગતો અનુસાર પંચમહાલમાં સૌથી વધુ 11 શંકાસ્પદ કેસ નોંધાયા છે... આ ઉપરાંત સાબરકાંઠામાં 9, અમદાવાદમાં 7, અરવલ્લી અને ખેડા 6, મહેસાણા, જામનગર અને ગાંધીનગરમાં 5, રાજકોટ, મોરબી, બનાસકાંઠામાં 4, સુરેન્દ્રનગરમાં 3 તથા મહીસાગર, છોટાઉદેપુર, દાહોદ, નર્મદા અને રાજકોટમાં 2, અને વડોદરા, ભાવનગર, દ્વારકા અને કચ્છમાં 1-1 કેસ નોંધાયા છે.

ચાંદીપુરા વાયરસના કારણે 36 બાળકોએ જીવ ગુમાવ્યા છે જ્યારે ચાંદીપુરા વાયરસના કારણે 46 બાળકો સારવાર હેઠળ છે. ચાંદીપુરા વાયરસથી અસરગ્રસ્ત 10 બાળકોને સારવાર બાદ રજા અપાઇ છે..

આ ઉપરાંત રાજસ્થાનમાં 3 કેસ, મધ્ય પ્રદેશમાં 2 કેસ સામે આવ્યા છે.

------------------------------------------------------------------------

- પીટીસી—ગાંધીનગર, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MAHESANA CHANDIPURA

મહેસાણા જિલ્લા માં ચાંદીપુરા વાયરસ ના કેસ વધી રહ્યા છે. આ કેસને નિયંત્રણમાં લેવા માટે જીલ્લા તંત્ર દ્વારા કામગીરી કરવામાં આવી રહી છે..જીલ્લા કલેક્ટર એમ. નાગરાજેને ચાંદીપુરા વાઇરસના નિંયત્રણ માટે થઇ રહેલી કામગીરીની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે દોઢ લાખ જેટલા ઘરોની તપાસ કરવામાં આવી છે.

**બાઇટ એમ. નાગરાજન, જીલ્લા કલેક્ટર , મહેસાણા**

-------------------------------------------------------------------

-

પીટીસી –મહેસાણા, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

........................................

# STATE RAIN

રાજ્યમાં અનેક સ્થળોએ વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને દેવભૂમિ દ્વારકામાં અતિભારે વરસાદ પડી રહ્યો છે.. ગઇકાલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં માત્ર ચાર કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ભારે વરસાદના કારણે કલ્યાણપુર તાલુકાના પાનેલી ગામે ત્રણ લોકો વરસાદના પાણીમાં ફસાઇ ગયા હતા.. આત્રણે  લોકોને વાયુ સેના દ્વારા ઉગારી લેવાયા હતા.. કલ્યાણપુર તાલુકાના કેશવપુરા ૦૪ તથા ટંકારિયા ગામેથી ૦૪ વ્યક્તિઓનું સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા રેસ્ક્યુ કરાયું હતું..

બીજી તરફ ભાવનગરના ગોહિલવાડ પંથકમાં ગઇકાલના દિવસ દરમિયાન ભારે વરસાદ વરસ્યો હતો.. ઘોઘા માં અઢી ઇંચ, તળાજામાં દોઢ ઇંચ ભાવનગર શહેર, સિહોર અને મહુવામાં અડધો-અડધો ઇંચ વરસાદ પડ્યો છે. અન્ય તાલુકામાં હળવા - ભારે ઝાપટા વરસી રહ્યા છે.

અમરેલી શહેરમાં પણ ભારે વરસાદના પગલે વરસાદી પાણી ભરાઇ જતાં અવરજવરમાં અનેક સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે..

આ દરમિયાન કચ્છના મુન્દ્રામાં રાત્રી દરમિયાન ચાર ઇંચ વરસાદ વરસ્યો હતો જેમા માંડવી અને ભુજમાં પણ અડધો થી પોણો ઇંચ પાણી પડતા જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી..

બીજી તરફ દક્ષિણ ગુજરાતમાં પણ ભારે વરસાદ વરસી રહ્યો છે.. અતિભારે વરસાદને અનુલક્ષીને વલસાડ જિલ્લા કલેકટરે શાળા કોલેજો બંધ રાખવાનો નિર્ણય લીધો છે.. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાની આંગણવાડી, શાળાઓ, કોલેજો અને ITI બંધ રહેશે

તાપી જીલ્લામાં પણ વરસાદને કારણે નદી નાળા છલકાઇ રહ્યાં છે તેમજ રોડ રસ્તા ઉપર પણ પાણી ફરી વળ્યાં છે..

રાજકોટ જિલ્લાના ત્રણ જળાશયોમાં છેલ્લા 24 કલાકમાં નવા નીરની નોંધપાત્ર આવક થઇ છે. જેને કારણે મોજ ડેમ 94 ટકા, ફોફળ ડેમ 100 ટકા અને ન્યારી ડેમ 85 ટકા ભરાયો છે.

હાલ વેણુ – 2, ફોફળ, આજી – 2 અને ભાદર – 2 ડેમના એકથી બે દરવાજા ખોલવામાં આવ્યા છે. દરમિયાન જામકંડોરણ તાલુકાનો સોડવદર ડેમ અને નવા પાનેલી ડેમ 80 ટકા ભરાતા કાંઠા વિસ્તારોના ગામોને સતર્ક કરાયા છે.

---

- પીટીસી—ભાવનગર, દ્વારકા, તાપી , અમરેલી, વલસાડ, કચ્છ, રાજકોટ

હર્ષલ પંડ્યા, નિકીતા -(NAVIN)

# RAIN AAGAHI

રાજ્યમાં આજે દેવભૂમિદ્વારકા, પોરબંદર, જુનાગઢ, ગીરસોમનાથ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં વરસાદનું રેડ અલર્ટ જાહેર કરાયું છે. જ્યારે આવતીકાલે અમરેલી, ગીરસોમનાથ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગરહવેલીમાં વરસાદનું રેડ અલર્ટ જાહેર કરાયું છે.

આજે જામનગર, રાજકોટ, અમરેલી, ભાવનગર, ભરૂચ, સુરત, તાપી અને ડાંગ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે 24મીએ રાજકોટ, જુનાગઢ, ભાવનગર, સુરત, તાપી અને ડાંગમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે.

--------------------------------------------------------------------

-રીપીટ

# BHARAT BHUTAN RELATIONS

ભારતના પાડોશી દેશ ભૂતાનના નરેશ જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક અને વડાપ્રધાન શેરિંગ તોબગે અત્યારે ભારતના પ્રવાસે છે. આ પ્રવાસના ભાગરૂપે તેઓ પ્રતિનિધિમંડળ સાથે ગુજરાતમાં એકતાનગર સ્થિત સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાતે પહોંચ્યા હતા. છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતમાંથી ભૂતાનમાં થતા એક્સપોર્ટમાં સતત વધારો થયો છે. વર્ષ 2019-20માં ગુજરાતમાંથી 14.39 મિલિયન યુએસ ડૉલરના ઉત્પાદનોની નિકાસ થઈ હતી જે વર્ષ 2023-24માં વધીને 21.98 મિલિયન યુએસ ડૉલર પહોંચી છે. છેલ્લા પાંચ વર્ષમાં એક્સપોર્ટમાં 52 ટકાનો વધારો જોવા મળ્યો છે.

ગુજરાતમાંથી એક્સપોર્ટ થતા ટોચના ઉત્પાદનોમાં પ્લાસ્ટિક ઉત્પાદનો, ઇલેક્ટ્રિક મશીનરી અને સાધનો, સિરામિક ઉત્પાદનો, માછલી, પેપર અને પેપરના ઉત્પાદનો તેમજ દવાઓનો સમાવેશ થાય છે.

---

- ગાધીનગર –પીટીસી, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# pad ma ke naam

રાજ્યમાં આગામી સપ્ટેમ્બર સુધીમાં 12.20 કરોડ વૃક્ષો વાવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પ્રધાનમંત્રીએ શરૂ કરાવેલા એક પેડ મા કે નામ અભિયાનને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જન આંદોલન સ્વરૂપે વિસ્તારવાનો નિર્ધાર કરતા આગામી સપ્ટેમ્બર સુધીમાં સમગ્ર રાજ્યમાં 12.20 કરોડ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નક્કી કર્યો છે.

ગઇકાલે ગાંધીનગર ખાતે મળેલી બેઠકમાં મુખ્યમંત્રીએ આ અભિયાનને તાલુકા, ગ્રામ્યસ્તરના વન મહોત્સવ સુધી વિસ્તારવામાં આવશે તેમ જણાવતા આ અંગે સુદ્રઢ આયોજન કરવા વિવિધ વિભાગોને દિશા નિર્દેશ આપ્યા હતા. આ અભિયાન અંતર્ગત અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા 100 દિવસમાં 30 લાખ વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક નિર્ધારીત કરાયો છે.

---------------------------------------------------------------------

-માહિતી, નિકીતા -(NAVIN)

# Vidhansabha jaher hisab samiti

ગુજરાત વિધાનસભાની જાહેર હિસાબ સમિતિ ૨૩ જુલાઈથી ૨૬ જુલાઈ દરમિયાન સુરત અને ડાંગ જિલ્લાના અભ્યાસ પ્રવાસે જશે.

આ સમિતિ આજે સુરતમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ હેઠળ ચાલતા પ્રોજેક્ટની તથા કુટીર ઉદ્યોગ હેઠળના અર્બન હાટની મુલાકાત કરશે. આ ઉપરાંત સમિતિ ૨૪, ૨૫ અને ૨૬ જુલાઈએ ડાંગ જિલ્લાની મુલાકાત લેશે. જેમાં ચીખલી, બોટનીકલ ગાર્ડન, શબરીધામ, સાપુતારા, સપ્તશૃંગી, સાંદીપની વિદ્યા શાખા તથા ગીરા ધોધ જેવા વિવિધ સ્થળોની મુલાકાત કરી ૨૬ જુલાઈએ ગાંધીનગર પરત ફરશે.

---------------------------------------------------------------------

- INFO, MITTAL, SONAL